**સુરત મહાનગરપાલિકા**
**વોચ એન્ડ વોર્ડ વિભાગ**

અપીલ અરજી નં.૦૧/૨૦૧૩–૧૪
તા. ૫/૪/૨૦૧૩
ફોન નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬ EXT ૩૦૯

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર ( વોચ એન્ડ વોર્ડ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૪–૨–૨૦૧૩ ની અરજી આઈ.ડી.૨૧૧૮ ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફીસર ડ્રાયવરની ટી.વી.એ લાયસન્સ વિશે શું જાણકારી ધરાવે છે. તેને લગતી માહિતીની માંગણી સંદર્ભે વોચ એન્ડ વોર્ડ વિભાગના તા. ૧૧/૩/૨૦૧૩ના પત્ર નં. વોચ એન્ડ વોર્ડ/૯૭૪થી આપવામાં આવેલ માહિતીથી નારાજ થઈ કરેલ પ્રથમ અપીલ અરજી નં. ૧૭ તા. ૫/૪/૨૦૧૩.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૫–૪–૨૦૧૩ ની અપીલ અરજી નં. ૧૭ તથા **SMC/W&W/FAP/ નં.૦૧/૨૦૧૩–૧૪.**

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૪/૨/૨૦૧૩ ના રોજ કરેલ આર.ટી.આઈ.ની આઈ.ડી. ૨૧૧૮ ચીફ સીકયુરીટી ઓફીસર ડ્રાયવરના ટી.વી.એ લાયસન્સ વિશે શું જાણકારી ધરાવે છે. તેને લગતી માહિતીની અરજી કરેલ છે. સદર અરજીને લગતી આપશ્રી ધ્વારા કરવામાં આવેલ તપાસ તથા કાર્યવાહી અંગેની માહિતિ આપવા બાબતે જાહેર માહિતિ અધિકારી અને સેકશન ઓફીસર (વોચ એન્ડ વોર્ડ વિભાગ) ના પત્ર નં.વોચ એન્ડ વોર્ડ/ ૯૭૪ તા.૧૧/૩/૨૦૧૩ થી TVA લાયસન્સ વિશેની માહિતી અત્રે નિભાવવામાં આવતી નથી તેમ જણાવી. ચીફ સીકયુરીટી ઓફીસરની TVA લાયસન્સ વિશે માહિતી ' નીલ ' છે. સદર માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫/૪/૨૦૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે પ્રથમ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સે.ઝોન)ના પત્રાંક– સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/ ૧૦૫ તા. ૬/૪/૨૦૧૩થી અત્રેના વોચ એન્ડ વોર્ડ વિભાગમાં તા. ૮/૪/૨૦૧૩ના રોજ તબદીલ કરવામાં આવેલ છે.

જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર ( વોચ એન્ડ વોર્ડ વિભાગ) તરફથી પત્ર નં. વોચ એન્ડ વોર્ડ/આ.નં.૯૭૪ તા.૧૧/૩/૨૦૧૩ થી વોચ એન્ડ વોર્ડ વિભાગની માહિતી પૂરી પાડેલ છે. વધુમાં વોચ એન્ડ વોર્ડ વિભાગના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં મજકુર અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી વાહનોના ડ્રાયવરના TVA લાયસન્સની માહિતી નિભાવવામાં આવતી ન હોય જેથી ચીફ સીકયુરીટી ઓફીસરની TVA લાયસન્સ વિશેની માહિતી ' નીલ ' છે. જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ સમગ્ર માહિતીની વિગતો જોતાં તા. ૧૧/૩/૨૦૧૩ના રોજ આપેલ માહિતીમાં તે અંગે TVA લાયસન્સની ' નીલ ' માહિતી વોચ એન્ડ વોર્ડ નં. ૯૭૪ તા. ૧૧/૩/૨૦૧૩થી પુરી પાડેલ છે.

વધુમાં અરજદારે ચીફ સીકયુરીટી ઓફીસરશ્રી TVA લાયસન્સ અંગે શું જાણકારી ધરાવે છે ? આ હકીકત અભિપ્રાય સ્વરૂપમાં માંગેલી છે. આર.ટી.આઈ. એકટની જોગવાઈ મુજબ લેખીત સ્વરૂપમાં અભિપ્રાય હોય તો તેની નકલ આપવાની થાય પરંતુ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર પાસે અભિપ્રાય માંગવામાં આવે તે માહિતીની વ્યાખ્યામાં આવતી ન હોય, તેથી પણ આવી માહિતી આપી શકાય તેમ નથી.

## — : હુ ક મ : —

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ જારી કરી, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૪/૨/૨૦૧૩ની મૂળ અરજી આઈ.ડી. નં. ૨૧૧૮ સંદર્ભે માંગવામાં આવેલ માહિતી પૈકી વોચ એન્ડ વોર્ડ વિભાગને લાગત રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરે (વોચ એન્ડ વોર્ડ વિભાગ) તા. ૧૧/૩/૨૦૧૩ના પત્રાંક વોચ એન્ડ વોર્ડ/૯૭૪થી પૂરી પાડવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.વોચ એન્ડ વોર્ડ વિભાગ/ ૧૦૧
તારીખ : ૧ / ૫ /૨૦૧૩

(આર.ડી. સુર્યવંશી)
અપીલ અધિકારી અને
ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફીસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (વોચ એન્ડ વોર્ડ વિભાગ) ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..... જાણ માટે.

(૩) સેકશન ઓફીસરશ્રી( આર.ટી.આઈ. સેલ) પ્રતિ..... જાણ માટે.

અપીલ અરજી નં.૩૭૭
તા.૨૭/૦૧/૨૦૧૪

અરજદારઃ– શ્રી વિનોદચંદ્ર વાઘેલા,
સામાવાળાઃ– ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફીસરશ્રી, વોચ એન્ડ વિભાગ.

<u>ફરીયાદની હકીકતઃ–</u>

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળશ્રી વિનોદચંદ્ર વાઘેલાની અરજી આઈ.ડી.નં.૧૯૭૮ તા.૨૬/૧૨/૨૦૧૩ ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી વિભાગના પત્રાંક નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક ૨૯૦૨ તા.૦૧/૦૧/૨૦૧૪, પ્રથમ અપીલ કર્યા બાદ માહિતી મળેલ તેમાં નારાજગી હોય, તે બાબત.
સંદર્ભઃ–(૧)અરજદાર મજકુરની અપીલ અરજી નં. ૩૭૭ તા.૨૭/૦૧/૨૦૧૪
(૨)સેન્ટ્રલ ઝોન આઉટ વર્ડ નં.૧૪૦૩ તા.૧૫/૦૨/૨૦૧૪

ઉપરોકત વિષય અને સંદર્ભમાં જણાવેલ રાઈટ ટુ ઈન્ફોરમેશન એકટ–૨૦૦૫ અંતગર્ત માહિતી માંગતી આપની અરજી નં.આર.ટી.આઈ એકટ હેઠળની તાઃ૨૬/૧૨/૨૦૧૩ આઈ.ડી.નં.૧૯૭૮ અરજી બાબતે આપેલ માહિતી આઉટ વર્ડ નં.વોચ એન્ડ વોર્ડ નં.૯૦૭ તા.૨૪/૦૧/૨૦૧૪થી મુદા નં. ૧ થી ૩ બાબતેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનુ જણાવી નારાજ થઈ એપેલેટ ઓફીસરને તા.૨૭/૦૧/૨૦૧૪ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૨૬/૧૨/૨૦૧૩ ની અરજી બાબતે માંગવામાં આવેલ માહિતી નિયત સમય મર્યાદામાં નીચે મુજબ આપવામાં આવેલ છે.

| મુદા નં. | મુદો | પુર્તતા | | | |
|---|---|---|---|---|---|
| ૧. | સુ.મ.પા તમામ કચેરીઓની બહાર ફરજ બજાવતાં સીકયુરીટી ગાર્ડ માટેના કોન્ટ્રાકટ કઈ કઈ કંપનીઓને આપવામાં આવેલ છે.તે તમામ એજન્સીના નામ, લાયસન્સ નં., સરનામા, સુ.મ.પાના રજીસ્ટેશન નં. | નામ | સરનામા | લાયસન્સ નં. | સુ.મ.પાના રજીસ્ટ્રેશન નં. |
| | | જલારામ સીકયુરીટી સર્વીસીસ, | ૧૪, અભિનંદન કોમ્પલેક્ષ, પૂણા મગોબ પાટીયા પાસે, સુરત. | નાશ્રઆઃ સુ.લાય/૩૫૬/૦૯ તા.૨૩/૧૨/૨૦૦૯ વેલીડ તા.૩૦/૦૯/૨૦૧૪ | SZ /સી/ઉમરવાડા/1593 |
| | | ક્રિષ્ણા સીકયુરીટી ફોર્સ, | ૧૧૪, અભિનંદન કોમ્પલેક્ષ, પૂણા મગોબ પાટીયા પાસે, સુરત. | નાશ્રઆઃ સુ.લાય/૩૫૪/૦૯ તા.૨૩/૧૨/૨૦૦૯ વેલીડ તા.૩૦/૦૯/૨૦૧૪ | SE/Z/C/મગોબ/959189 |
| | | બનાસ સીકયુરીટી એન્ડ પર્સનલ ફોર્સ, | મહાવીર શોપીંગ સેન્ટર, જલારામ મંદિર પાસે, ભરૂચી નાકા, અંકલેશ્વર–૩૯૩૦૦૧. | નાશ્રઆઃ સુ.લાય/૩૦૦ તા.૨૨/૦૮/૨૦૧૨ વેલીડ તા.૩૦/૦૬/૨૦૧૪ | C-963 |
| | | ઉત્કર્ષ કોર્પોરેટ સર્વીસીસ, | કે–૧૧૯, હરે ક્રિષ્ણ કોમ્પલેક્ષ, છાણી જકાત નાકા પાસે, વડોદરા–૨. | નાશ્રઆઃ સુ.લાય/૨૯૯ તા.૨૨/૦૮/૨૦૧૨ વેલીડ તા.૩૦/૦૬/૨૦૧૪ | B-26/8059 |
| ૨. | કયા કયા સીકયુરીટી ગાર્ડ પોતાની પાસે બંદુક/હથિયાર રાખે છે. તે તમામની વીગતવાર માહીતી અને હથિયાર રાખવા માટેના પરવાના, | સદર માહિતી રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ ૨૦૦૫ ની કલમ–૮(૧)(ઠ) મુજબ આપી શકાય નહી. | | | |
| ૩. | કયા કયા સીકયુરીટી ગાર્ડ કયા સ્થળે ફરજ બજાવે છે. તેની વિગત વાર માહીતી | તમામ સીકયુરીટી ગાર્ડ સુ.મ.પાની મુખ્ય કચેરી, સુ.મ.પા હસ્તકના કોમ્યુનીટી હોલ, ઓડીટોરીયમ, સુ.મ.પા સંચાલીત ગાર્ડન, હોસ્પીટલ, હેલ્થ સેન્ટર, મેટરનીટી હોમ, વોટર વર્કસ/વોટર ડીસ્ટ્રીબ્યુસન સેન્ટર, લાયબ્રેરી/વાંચનાલય, તરણકુંડ, ડ્રેનેજ પંપીગ સ્ટેશન/ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઝોન ઓફીસ, સીવીક સેન્ટર/વાહન ડેપો, દબાણ ડેપો વગેરે જગ્યાએ ફરજ બજાવે છે. | | | |

**મુદા નં.૧** માં જણાવેલ લાઈસન્સ તથા સુ.મ.પા રજીસ્ટ્રેશનની ઝેરોક્ષ નકલ પુરી પાડવામાં આવેલ છે.

**મુદા નં.૨** ની જાહેર માહિતી અધિકારી દ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી બરાબર હોય, તે અંગે વિશેષ કરવાનુ રહેતુ નથી.

**મુદા નં.**૩ ના જવાબ અન્વયે સીકયુરીટી એજન્સીના કયા કયા સીકયુરીટી ગાર્ડ કયા કયા સ્થળે ફરજ બજાવે છે.તેની વિગત જાહેર માહિતી અધિકારીએ વિના મુલ્યે પુરી પાડવાની રહે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નીકાલ કરવામાં આવે છે.

" અરજદારની અપીલ અરજી નં.૩૭૭ તા.૨૭/૦૧/૨૦૧૪ ની અરજીથી માંગવામાં આવેલ મુદા નં.૩ ની માહિતી જાહેર માહિતી અધિકારીએ વિના મુલ્યે દિન–૭માં પુરી પાડવા આથી હુકમ કરવામાં આવે છે."

વોચ એન્ડ વોર્ડ વિભાગ/આઉટ/નં.
તા.    /૦૨/૨૦૧૪

આર.ડી.સુર્યવંશી
ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફીસર અને
જાહેર અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ ......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિનોદચંદ્ર વાઘેલા પ્રતિ..... જાણ માટે.